॥ શ્રી ॥

જૈનમાર્ગ પ્રારંભ પોથી.

ભાગ ૨ જો.

अहिंसा परमो धर्मः 104

દયા ધર્મનો પાયો છે.

આવૃતિ ૨ જી. —— કાપી એક હજાર.

યોજક લાલન.

કિંમત ૧॥ આનો.

જૈનમાર્ગપ્રવેશિકા.

જૈનધર્મસંબંધી જ્ઞાનનાં ખાસ ઉપયોગી મૂળતત્ત્વોને દેશકાલ પદ્ધતિમાં ગોઠવી વિદ્યાર્થિઓના હૃદયમાં સુગમતાથી સ્થાપિત કરવા એ, આ પુસ્તકમાળાનો મૂળ ઉદ્દેશ છે. એની શરૂઆત એ પ્રાઇમરો છે. ત્યારકેડે આ પહેલા નંબરથી લઇને હાલ ચમાં નંબરસૂધી પાંચ ચોપડીઓ તૈયાર કરી છે. મેટ્રીકનો અભ્યાસ પૂર્ણ થાય તેટલામાં જૈનવિદ્યાર્થિઓએ આ પાંચ ચોપડીઓનું જ્ઞાન અવશ્ય મેળવી લેવું જોઇએ. કૉલેજના વિદ્યાર્થિઓમાટે ખાસ ઉંડા ધર્મજ્ઞાનની બીજી પુસ્તકમાળા તૈયાર કરવામા આવશે.

જૈનમાર્ગ પ્રવેશિકાના વિષયોનો સંક્ષેપ.

જૈનમાર્ગ પ્રવેશિકા. નં. ૧ લો. કિંમત ૨ આના.

સાર્થ મુખપાઠ.

૧ સમય	ધર્મ, પ્રમાણગ્રન્થ, ઇશ્વર, ગુરૂ, આત્મા, કર્મ, સ્વર્ગ, નરક, મુક્તિ, સદસત્કર્મ અને પરોપકારના પાઠો.
૨ આચા	સામાન્ય આચાર, વ્યસનત્યાગ, સંસ્કાર, શૌચ, નિત્યકર્તવ્ય તથા સાધુશ્રાવક સંબંધી હકીકતના પાઠો.
૩ નીતિ	નીતિની વ્યાખ્યા, નીતિના મૂળ નિયમ, આપણી ફરજો તથા સદ્ગુણોસંબંધી પાઠો.
૪ પરિશિષ્ટ	જૈનના કેટલાક અચલિત સિદ્ધાંતો વિષે પાઠો.

ॐ

જૈનમાર્ગ પ્રારંભપોથી.

ભાગ ૨ જો.

શ્રી પંચ પરમેષ્ઠીના એકસો ને આઠ ગુણ.

(હરિગીત છંદ)

ગુણ બાર છે અરિહંતના ને સિદ્ધ આઠ પ્રસિદ્ધ છે,
આચાર્ય ગુણ છત્રીશ ને પચવીશ ઉપાધ્યાય છે.
સાધુ તણા ગુણ છે સત્યાવીશ પ્રગટ પંચ પ્રભુતણા,
ગુણ એક [1]શતને આઠ છે, સત્તા[2]વિષે જીવ સર્વમાં.
મુખથી ભજું, મનથી સ્મરૂં, હૃદયે ધરૂં પ્રભુ પંચને,
તો થાય નિશ્ચે પ્રગટે તે, ગુણ એક શતને આઠ જે.

જો જીવ શિવ થાવા ઈચ્છે તો પ્રગટ પોતે થાય છે.
કરૂં ધ્યાન પંચ પ્રભુતણું એ સત્ય શ્રેષ્ઠ ઉપાય છે.
સત્તા વતી જ્યેમ ઈળ ભ્રમરી ધ્યાનથી ભ્રમરી બને,
ત્યેમ આ જગતમાં જીવ શિવ ધ્યાને થશે લાલન વદે.

---

૧ શત એટલે સો ૨ સામર્થ્ય અથવા સત્તામા એટલે છૂપા રહેલા, જેમ ઇળ જેમા ભ્રમરી બની જવાનો સ્વભાવ રહ્યો છે, તે ભ્રમરીના ધ્યાનથી ભ્રમરી થઇ જાય છે, તેમ જીવ જેમા શિવ એટલે મોક્ષ પામવાનો સ્વભાવ છે, તે પ્રભુના ધ્યાનથી મોક્ષ પણ પામે છે

ખંડ ૧ લો.

બોધ પાઠ ૧.

ધર્મ અને પાપ.

શ્રી વીર બાળકો,[1] આજે હું તમને ધર્મનાં કામ કયાં કયાં અને પાપનાં કામ કયાં કયાં તે થોડાંએક ગણાવીશ, અને તમે વિચાર કરી એવાં બીજાં કામો પોતે શોધી કાઢશો.

સારાં કામ કરવાં તે ધર્મ; ભૂંડાં કામ કરવાં તે પાપ.

૧ મરતાને બચાવવું એ સારૂં કામ છે, જીવતાને મારવું એ ભૂંડુ કામ છે

૨ સાચુ બોલવું એ સારૂં કામ છે; જૂઠું બોલવું એ ભૂંડુ કામ છે.

૩ સારા બોલ બોલવા એ સારૂં કામ છે; ગાળો ભાંડવી એ ભૂંડુ કામ છે.

૪ લાભકારક બોલવું એ સારૂં કામ છે; નુકસાનકારક બોલવું એ ભૂંડુ કામ છે.

૫ મહેનતુ થઇ કમાવું એ સારૂં કામ છે;[2] ચોરી કરવી એ ભૂંડુ કામ છે.[3]

૬ માબાપના કહ્યામાં રહેવું એ સારૂં કામ છે; માબાપની સામે થવું એ ભૂંડુ કામ છે.

૭ વિદ્યા ભણવી એ સારૂં કામ છે, અભણ રહેવું એ ભૂંડુ કામ છે.

પ્રશ્ન પાઠ ૧.

૧ ધર્મ એટલે શું?
૨ પાપ એટલે શું?
૩ સારાં કામ કયાં કયાં?
૪ ભૂંડાં કામ કયાં કયાં?
૫ થોડાંક બીજા ભૂંડા કામ વિચારીને કહો?
૬ થોડાંક બીજાં સારાં કામ વિચારીને શોધી કાઢો?

---

૧ શ્રી વીરપ્રભુના દેખાડેલા ધર્મમા શ્રદ્ધા (વિશ્વાસ) રાખનાર તે બધા વીર બાળકો ગણાય. સાધુ મુનિરાજ, એ શ્રી વીરપ્રભુના મોટા બાળકો, અને આપણે (શ્રાવકો) તેમના નાના બાળકો ૨ પ્રમાણિક રહેવુ. ૩ આળસુ રહી ચોરી કરવી એ ભૂડું કામ છે

બોધ પાઠ ૨.

જૈનધર્મ-દયાધર્મ.

આપણને કોઇ દુઃખ આપે, આપણને કોઈ મારે, આપણને કોઇ ગાળો ભાંડે તો આપણને કેવું લાગે? ઘણું માઠું લાગે. ત્યારે આપણે કોઇ જીવને દુઃખ આપીએ, કોઇ જીવને મારીએ તો તે જીવને પણ માઠું લાગે. માઠું લાગે, તે જેમ આપણને ગમતું નથી, તેમ આપણે કોઇને માઠું લાગે તેવું કરીએ, તે તેમને કેમ ગમે? એટલા માટે આપણે કોઇને મારવું નહિ, કોઇને હણવું નહિ, કોઇને દુઃખ આપવું નહિ, કોઇને હેરાન કરવું નહિ, કોઈને ગાળો દેવી નહિ અને કોઈ સાથે વૈર રાખવું નહિ. જૈનધર્મમાં એમ કહ્યું છે કે સર્વ જીવ ઉપર દયાભાવ રાખવો; તેથીજ જૈનધર્મનું બીજું નામ દયાધર્મ છે.

પ્રશ્ન પાઠ ૨,

૧ આપણને કોઈ દુઃખ આપે તો તે ગમે?
૨ આપણે કયો ધર્મ પાળીએ છીએ?
૩ જૈનધર્મમાં શું કહેલું છે?
૪ જૈનધર્મનું બીજું નામ શું છે?
૫ જૈનધર્મને દયાધર્મ શામાટે કહે છે?

બોધ પાઠ ૩.

ભગવાન.

શ્રી જૈન ભગવાનના વહાલા બાળકો, જેણે સઘળાં પાપ દૂર કર્યાં હોય, તે જૈનધર્મમાં ભગવાન કહેવાય. જેમ ખાણ-

માંથી સોનું ને માટી સાથે નીકળે, પણ માટી દૂર કરવાથી ચોખ્ખું સોનું બાકી રહે છે, તેમ પાપ દૂર કરવાથી જીવ ચોખ્ખો થઇ રહે છે એવા ચોખ્ખા જીવવાળા મોટા માણસો ભગવાન ગણાય છે. જેમ અંધારૂં જવાથી અજવાળુ રહે છે, તેમ અજ્ઞાન દૂર કરવાથી જ્ઞાન પ્રકાશી રહે છે જે મહાપુરૂષ જ્ઞાનવડે સર્વ જાણી શકે છે તે ભગવાન કહેવાય છે. જેમ કચરો કાઢી નાખવાથી પાણી ચોખ્ખું થઇ રહે છે, તેમ જે મહાપુરૂષો મીઠાં વચનથી સર્વ દુઃખી જીવને શાંતિ આપે છે તે ભગવાન મનાય છે. જેમ ફુલની સુગંધ આસપાસ ફેલાઇ સર્વને ખુશ કરે છે તેમ જે મહાપુરૂષોનો જશ સર્વ ઠેકાણે ફેલાઇ બધાને પૂજ્યભાવ કરાવે છે તેઓ જૈનમાં ભગવાન તરીકે ઓળખાય છે.

પ્રશ્ન પાઠ ૩.

૧ ભગવાન કોણ ગણાય ?

૨ ભગવાનનાં જ્ઞાન, વચન અને જશ કેવાં હોય ?

બોધ પાઠ ૪.

શ્રી તીર્થંકર ભગવાન.

ગયા પાઠમા ભગવાન કેવા હોય એ સંબંધી થોડીક વાત કહી. આ પાઠમા એવા ભગવાન આ જમાનામાં (૨૪) ચોવીસ થયા તેમાં પહેલા શ્રી **આદિશ્વર ભગવાન**[1] અને છેલ્લાં **શ્રીમહાવીર સ્વામી** થયાં. **શ્રીમહાવીર સ્વામી ભગવાન** આજથી ૨૪૪૦ વર્ષ પર હતા. તેઓએ પોતાનાં સઘળાં પાપ દૂર કર્યાં તેથી પૂર્ણ પવિત્ર થઇ ગયા. વળી અજ્ઞાન જવાથી તેઓ

---

૧ શ્રી રૂષભદેવ ભગવાન એમ બીજા ધર્મવાળા પણ કહે છે.

જ્ઞાની થયા, અસત્ય જવાથી સત્યવાદી,[1] અને વગર સ્વાર્થે સર્વનું ભલું થાય એવો ઉપદેશ આપવાથી લોકપ્રિય ગણાતા હતા, એટલે કે તેઓને સર્વ જીવો સન્માન આપતા હતા. પાપ, અજ્ઞાન, જુઠ, અને કોઇ જીવને કંઇ પણ દુ:ખ આપવાનું બંધ કરીએ તો તેઓના જેવા આપણે પણ થઇએ કારણ કે **શ્રી મહાવીર સ્વામી ભગવાનના** સઘળા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ તે ધર્મ બાળકો છે માટે આપણે પણ તેમને પગલે ચાલતાં આપણા પિતાશ્રી વીર પરમાત્મા જેવાજ થઇએ.

પ્રશ્ન પાઠ ૪.

૧ આ જમાનામા કેટલા ભગવાન થયા ?
૨ પહેલા અને છેલ્લા ભગવાન કોણ કોણ થયા ?
૩ **શ્રી મહાવીર** સ્વામી ક્યારે થયા ?
૪ તેઓ કેવા હતા ?
૫ આપણે પણ તેઓના જેવા થઇ શકીએ કે નહિ અને તે કેવી રીતે ?

બોધ પાઠ ૫.

સૂત્રો.

શ્રી તીર્થંકર ભગવાને સર્વ પ્રાણીને હિત થાય એવો બોધ આપ્યો. તેમના શિષ્યોએ[2] તે હિત કરનારા બોધને બરોબર સાંભળી, સમજી ધ્યાનમાં રાખ્યો. અને તેમાંથી નાના પણ મોટા અર્થ વાળાં વાક્યો રચ્યાં. એ વાક્યોના જથ્થાને સૂત્રો[3] કહેવામા આવે છે. આમ શ્રી તીર્થંકર મહારાજના બોધને સૂત્રરૂપમાં જે શિષ્યો ગોઠવે, તે શ્રી **ગણધર મહારાજ** કહેવાય.

---

૧ સત્યને ચાહનાર, યથાર્થવાદી. ૨ ચેલાઓ ૩ સૂત્ર એટલે નાના અને ગંભીર અર્થવાળા વાક્યો.

શ્રીગણધર મહારાજ ભગવાનના મુખ્ય[1] શિષ્યો ગણાય. **શ્રી ગૌતમસ્વામી, શ્રીસુધરમાસ્વામી** વગેરે, **શ્રીવીર ભગવાનના** અગીઆર ગણધરો હતા.

પ્રશ્ન પાઠ ૫.

૧ શ્રી ગણધર મહારાજ તે કોણ ?
૨ શ્રી મહાવીર સ્વામીના કેટલા ગણધર હતા ?
૩ શ્રી ગણધર મહારાજ શુ કરે છે ?
૪ સૂત્રો એટલે શું ?

બોધ પાઠ ૬

કર્મનો કાયદો.

શ્રી વીર ભગવાનના વહાલા પુત્રો, જૈનધર્મમાં એવુ કહેવામાં આવ્યું છે કે, આપણને જે દુઃખ થાય છે તે આપણે અગાઉ કરેલાં ભૂડાં કર્મનું પરિણામ[2] છે. આપણને જે સુખ થાય છે તે આપણે[3] પૂર્વે કરેલાં સારાં કર્મનું ફળ છે આમ આખા જગત્‌ના સર્વ જીવો પોતાના કર્મ પ્રમાણે સુખ–દુ ખ ભોગવે છે. બીજા કોઇ આપણને સુખ કે દુઃખ આપી શકતા નથી. સુખ દુઃખના કર્ત્તા આપણે પોતે છીએ; એ ઉપરથી કર્મનો કાયદો એવો ઠરે છે કે " જેવું કરીએ તેવું પામીએ "[4]

પ્રશ્ન પાઠ ૬.

૧ આપણને સુખ શાથી મળે છે ?
૨ આપણને દુઃખ શાથી મળે છે ?
૩ કર્મનો કાયદો શું છે ?
૪ જગત્‌માં કોઇ સુખી અને કોઇ દુઃખી છે તેનું શું કારણ ?

---

૧ મોટા ૨ ફળ ૩ અગાઉ ૪ મેળવીએ

બોધ પાઠ ૭.

જન્મવું અને મરવું.

જીવ મરતો નથી પણ શરીર બદલે છે, માટે શરીરના જન્મવાને, ભૂલથી જીવ જન્મે છે એમ કહીએ છીએ. વારંવાર જન્મવાને પુનર્જન્મ કહે છે. શરીરના મરવાને ભૂલથી જીવ મરે છે, એમ કહીએ છીએ. આવી આવી ભૂલ અજ્ઞાનથી થાય છે, અને જો એ અજ્ઞાન ટળી જાય તો આપણે જીવને ખરા સ્વરૂપમાં ઓળખી શકીએ, એટલે કે જન્મવા અને મરવામાં થતાં દુ:ખથી છૂટી આપણે અમર થઇએ. અમર થવું એટલે હંમેશા જીવતા રહેવું.

પ્રશ્ન પાઠ ૭.

૧ જન્મે-મરે કોણ છે?
૨ આપણે જન્મીએ-મરીએ છીએ એમ શાથી જણાય છે?
૩ પુનર્જન્મ કોને કહે છે?
૪ જન્મવુ-મરવુ એ કયારે ટળે?
૫ અમર થવું એટલે શું?

બોધ પાઠ ૮.

જીવ અને કર્મ.

પ્રીય વીર બાળકો, આજે આપણે જીવ અને કર્મ સંબંધી વાત કરીએ. આપણું શરીર જે આપણે દેખીએ છીએ તે જીવ નથી. જીવ તો આ શરીર છે, આ ઘર છે, એવું જે જાણે[1] તે જીવ છે. તે છતાં શરીર હું એવું ખોટું સમજાય છે માટે શરી-

---

[1] શ્રી આચારાગ સૂત્ર જુઓ-સાભળો.

રને હું સમજી—મન, વચન અને કાયાથી જેટલી ક્રિયા કરવામાં આવે તે બધાં કર્મ છે. આવા કર્મથી જીવને સંસારમાં ફરી ફરીને રખડવું પડે છે. જન્મ અને મરણનાં દુઃખો ખમવાં પડે છે. જીવને બદલે શરીરને ભૂલથી હું સમજી કંઈ પણ કામ કરતાં જે, આપણાથી ન દેખાય એવો મેલ ચડે છે તે પણ કર્મનાં પરમાણું[1] છે. આ છેલ્લા કર્મનાં પરમાણું એવાં ઝીણાં છે કે તેને **શ્રી ભગવાનજ** દેખી શકે આપણાથી દેખાય નહિ.

પ્રશ્ન પાઠ ૮

૧ જીવ એટલે શું?
૨ કર્મ એટલે શું?
૩ કર્મ ક્યારે લાગે છે?
૪ કર્મનાં ઝીણાંમા ઝીણાં રજકણો કોનાથી દેખાય અને કોનાથી ન દેખાય?

બોધ પાઠ ૯.

જીવને કર્મ કેમ ન લાગે?

વહાલા **વીરના** બાળકો અને બાળાઓ, જ્યારે આપણને આ દેખાય છે એવા શરીરને હું ન સમજી, એ શરીરને જે દેખે છે, એવા જીવને કે ચેતનને, કે જ્ઞાનનેજ હું સમજી—મન, વચન અને કાયાથી કંઇ પણ કરીએ ત્યારે આગળ કરેલાં કર્મ ભોગવાઇ જાય એટલુંજ નહિ, પણ નવાં કર્મ પણ આપણને ન લાગે. આમ આપણે હરહમેશ જ્ઞાનનેજ હું સમજી વર્તીએ, તો છેવટે

---

૧ ઝીણા ઝીણા રજકણ

આપણે જૈના ધર્મ બાળકો છીએ, તેવા થઇએ એટલે શ્રી વીર-પરમાત્માની પેઠે આપણે પણ કર્મને જીતી મુક્તિ[1] પામીએ.

પ્રશ્ન પાઠ ૯.

૧ શું સમજવાથી આપણને કર્મ ન લાગે?
૨ જ્ઞાન કે ચેતન તેજ હું એવા જ્ઞાનથી શું થાય?
૩ આપણા ધર્મ પિતા શ્રી વીર જેવા આપણે કેમ થઇ શકીએ?
૪ જીવ એટલે શું?
૫ આ શરીર છે એવું કોણ જાણે છે?

બોધ પાઠ ૧૦.

પુણ્ય અને પાપ.

જેવું બીજ વાવીએ તેવાં ફળ ઉગે. નઠારાં બીજનાં નઠારાં ફળ થાય અને સારાં બીજનાં સારાં. ભૂંડા કર્મ વાવવાથી[2] આપણને જે દુઃખ થાય તે પાપ; અને સારાં કર્મ કરવાથી આપણને જે સુખ થાય, તે પુણ્ય. પાપથી દુ ખ થાય છે અને પુણ્યથી સુખ. પાપથી થતાં દુ ખ ધીરજથી સહન કરવાથી પાપ ખપી જાય છે, અને પુણ્યથી થતાં સુખ ભોગવતાં ભોગવતાં પુણ્ય પણ ખપી નાશ પામે છે. પરંતુ જીવને હું સમજવાથી જ્ઞાન એજ હું, એમ સમજાય છે. આમ પોતાને જ્ઞાન સમજતાં જે સુખ થાય છે, તે સુખનો નાશ થતો નથી એટલુંજ નહિ, પરંતુ તે એક સરખું હંમેશાં સુખ, સુખ અને સુખજ રહ્યા કરે છે. આવા સુખને જૈનશાસ્ત્રમાં અવ્યાબાધસુખ એટલે કે જે સુખમાં

---

૧ મુક્તિ વિષે આગલા પાઠમા આવશે, મુક્તિ એટલે કર્મથી છૂટવુ ૨ કરવાથી,

કોઇપણ, જાતની હરકત ન આવે એવુ સુખ કહે છે. એ સુખનેજ અનંત[1] આનંદ કહે છે.

પ્રશ્ન પાઠ ૧૦.

૧ પાપ એટલે શું?
૨ પુણ્ય એટલે શું?
૩ પુણ્ય–પાપ શાથી ખપી જાય છે?
૪ અનંત આનંદ તે શું?
૫ અવ્યાબાધ સુખ તે શુ?

બોધ પાઠ ૧૧.

સ્વર્ગ અને નરક.

વહાલાં બાળકો, હુ તમને સ્વર્ગ ને નરકની વાત સમજાવું. આ સંસારમા સ્વર્ગ એ જીવની ઉંચી ગતિ[2] છે. અને નરક એ નીચી ગતિ છે. અહીંઆં જે ઘણા સારાં કર્મ કર્યાં હોય તેનો બદલો સ્વર્ગમાં મળે છે. અહીંઆ જે ઘણાં ભૂડા કામ કર્યાં હોય તેનો બદલો નરકમાં મળે છે. સ્વર્ગમાં સુખ મળે છે અને નરકમાં દુઃખ. જે ઇચ્છા કરીએ તે મળે, એવું સ્વર્ગમા હોય છે, અને જે ઇચ્છા કરીએ તેથી ઉલટું થાય એવું નરકમાં હોય છે. સારાં કામ કરીએ તો સ્વર્ગે ચડીએ અને ભૂડાં કામ કરીએ તો નરકમા પડીએ.

પ્રશ્ન પાઠ ૧૧.

૧ ઉંચ ગતિ કઇ?
૨ નીચ ગતિ કઇ?

---

૧ છેડા વગરનો ૨ સ્થિતિ

૩ સારાં કામનો બદલો ક્યાં મળે છે?
૪ ભૂડાં કામનો બદલો ક્યાં મળે છે?
૫ જેવી ઇચ્છા થાય તેવું ક્યાં મળે છે?
૬ તરસ કે ભૂખ લાગી હોય તો નરકમાં શું થાય અને સ્વર્ગમાં શું થાય?
૭ સ્વર્ગે કોણ ચડે અને નરકમાં કોણ પડે?

બોધ પાઠ ૧૨.

મુક્તિ.

વહાલા વીર બાળકો, હવે આપણે કંઇક મુક્તિ વિષે વાત કરીએ. આપણને કોઇ અંધારા ઓરડામાં પૂરી મૂકે અને તેમાં માત્ર બે ત્રણ બાકોરાંમાંથી સહેજ અજવાળું આવતું હોય તો આપણે કેવા પરવશ થઇ મુંઝાઇ મરીએ? પણ તેમાંથી કોઇ રીતે છૂટા થઇ બહાર આવીએ તો આપણને કેવી નિરાંત વળે! ચંદ્ર અને સૂરજના પ્રકાશથી આપણે કેટલા બધા ખુશી થઇએ! જગતમાં છૂટા હોવાથી આપણે કેટલું બધું સુખ પામીએ! એમજ આપણે શરીરરૂપી ઓરડામાં ગોંધાઇ મરીએ છીએ અને આંખ-કાન જેવાં એક બે બાકોરાંમાંથી આપણે જગત્‌માંનું કેટલું થોડું જોઇ જાણી શકીએ છીએ? તેની ખરી ખબર તો ત્યારેજ પડે કે શરીરરૂપી અંધારા ઓરડામાંથી નીકળી મુક્તિના હમેશના પ્રકાશમાં આવીએ. મુક્તિમાં જીવ, કર્મથી અને શરીરથી છૂટો રહે છે. તે કેવલ ચેતનરૂપ, જ્ઞાનરૂપ અને જ્યોતિરૂપ એટલે પ્રકાશરૂપ હોય છે.

પ્રશ્ન પાઠ ૧૨.

૧ મુક્તિ એટલે શું?

૨ અંધારો ઓરડો એટલે શુ ?
૩ બે ત્રણ બાકોરાં તે શુ ?
૪ જગત્માં છૂટા રહેવુ એ શું ?
૫ જીવે, કર્મ અને શરીરથી છૂટા રહેવું એ શું ?
૬ કેવલ ચેતનરૂપ, જ્ઞાનરૂપ અને પ્રકાશરૂપ કોણ હોઇ શકે ?

બોધ પાઠ ૧૩.

દયા.

મહાદયાળુ વીર પ્રભુના પ્રિય બાળકો, આજે હુ તમને પ્રભુની દયા વિષે કંઇક વાત કરૂં પારકાના દુઃખ ટાળવા પોતાના સુખને પણ છોડવા તૈયાર થવું એનુ નામ દયા. માતા જેમ પોતે દુઃખ વેઠીને પોતાના બાળકોને સુખ આપે છે, તેમ પ્રભુ થવાની ઇચ્છા રાખનાર મહાપુરૂષ પોતે દુઃખ વેઠીને જગત્ના સર્વ જીવોને સુખ થાય એવું કરે છે.[1] પોતે મહા દયાળુ થઇ જિન ભગવાન થાય છે એટલુંજ નહિ પરંતુ સર્વ મનુષ્યને તેવી દયા કરવા બોધ આપે છે. જૈનધર્મમા સર્વ જીવ ઉપર દયા કરવી એ વાત મુખ્ય છે. "દયા એ મોટામાં મોટો ધર્મ છે"[2] એવું બીજા ધર્મવાળા પણ માન્ય રાખે છે, પણ જ્ઞાનમા અને ક્રિયામા જૈનોની દયા આખા જગત્માં શ્રેષ્ઠ કહેવાય છે. દયા એ ધર્મનું મૂળ છે. આખા જગતનું કલ્યાણ દયા પાળવાથી થઇ શકે છે આપણામાં બરોબર દયા હોય તો એની મેળે સાચું બોલાશે, પ્રમાણિક રહેવાશે, સારી ચાલે ચલાશે, અને વ્યાજબી હોય તેટલું ધન મેળવવામાં સંતોષ પણ રહેશે.

---

૧ "સવિજીવ કરૂં શાસન રસી, ઈસિ ભાવ દયા મન ઉલ્લસી, લહી પરિણામ એહવુ ભલુ, નિપજાવી જિનપદ નિર્મળુ " ભગવાન, પોતે ભગવાન થયાની અગાઉ આવી ભાવના કરે છે. २ **अहिंसा परमो धर्मः**

પ્રશ્ન પાઠ ૧૪.

૧ દયા એટલે શું ?
૨ પ્રભુની દયા કેવી હોય છે ?
૩ આપણે પ્રભુ જેવા થવા કેવી દયા રાખવી જોઇએ ?
૪ ધર્મનું મૂળ શું ?
૫ બીજા ધર્મવાળા શું માને છે ?
૬ જૈનોની દયા સર્વમાં શ્રેષ્ઠ શાથી ગણાય છે ?

બોધ પાઠ ૧૪

આચાર.

દિનકૃત્ય[1].

વહાલા બાળકો, સવારથી સાંજ સુધી આપણે શું શું કરવું તે તમને ટુંકામાં કહી સમજાવું. સવારમાં ઉઠી " **नमो अरिहंताणं** " એ પદ બોલવુ. એનો અર્થ એ કે " સર્વ કર્મને જીતનાર શ્રી અરિહંત ભગવાનને નમસ્કાર થાવ ". પછી માબાપને પગે લાગવું, પછી પ્રભુના દર્શન કરવાં, ત્યારપછી માબાપની રજા લઇ નિશાળે જવું, ત્યાં ગુરૂને પગે લાગી[2] વિદ્યા ભણવી રાત્રે. પણ સુતી વખતે " **नमो अरिहंताणं** " બોલી તેનો ઉપર કરેલો અર્થ વિચારી સુઇ જવું.

જમતી વેળાએ ચોખ્ખું અન્ન, જેટલી ભૂખ હોય તેટલું ખાવું વધારે ખાવું નહિ. પાણી પણ ગાળીને પીવું. શરીર અને લુગડાં ચોખ્ખાં રાખવાં. રસ્તે જોઇને પગ મૂકવો અને વિચારી વેણ બોલવું.

મનથી સર્વનું ભલું ચાહવું. મુખે મીઠાં અને સાચાં વેણ બોલવાં અને શરીરે થોડી પણ કસરત કરવી.

---

૧ રોજ કરવાનુ કામ. ૨ શ્રેણિક રાજાનો વિનય ગુરૂ ઉપર કેવો હતો એ વાત શિક્ષકે સમજાવવી.

પ્રશ્ન પાઠ ૧૪.

૧ સવારે ઉઠીએ ત્યારથી તે રાત્રે સુઇ જઇએ ત્યાંસુધી શું શું કરવું !
૨ માબાપ અને ગુરૂનું કેવી રીતે સન્માન કરવું ?
૩ મન, વચન ને કાયાને કેમ સારા રાખવાં ?
૪ " **नमो अरिहंताणं** " એ ક્યારે ક્યારે બોલવું અને તેનો અર્થ શો ?

ખંડ ૨ જો.

બોધ પાઠ ૧૫.

શ્રદ્ધા.

શ્રી વીર પ્રભુનાં બાળકો, આજે આપણે કંઇ શ્રદ્ધા વિષે વાત કરીએ આપણને જેટલું જ્ઞાન છે, તેના કરતાં આપણાં માતાપિતાને વધારે જ્ઞાન છે. એટલા માટે તેમના વચનમાં વિશ્વાસ રાખવો એ શ્રદ્ધા કહેવાય. આપણા માબાપ કરતા ગુરૂમાં વધારે જ્ઞાન હોય છે, માટે તેમનું કહેવું માન્ય કરવું એ શ્રદ્ધા કહેવાય છે. ગુરૂમહારાજ કરતાં પ્રભુ તો અનંતગણા જ્ઞાની છે. માટે તેમની આજ્ઞા માથે ચડાવવી એ શ્રદ્ધા કહેવાય. શ્રદ્ધાને જૈનશાસ્ત્રમાં સમ્યગ્દર્શન કહે છે.

પ્રશ્ન પાઠ ૧૫.

૧ શ્રદ્ધા કોને કહેવી ?
૨ શ્રદ્ધા ક્યાં ક્યાં રાખવી ?
૩ સમ્યગ્દર્શન તે શું ?

બોધ પાઠ ૧૬

શ્રાવક.

શ્રી વીરનાં વહાલાં બાળકો, આજે આપણે શ્રાવક સંબંધી કંઇક વાતચીત કરીએ.

આપણે શ્રાવક છીએ માટે આપણા વિષે જાણવાની ઘણી જરૂર છે. જે માણસ શ્રી જિનેશ્વર ભગવાને સર્વ જીવના હિતને માટે કરેલા બોધને સાવધાન રહી[1] સાંભળે તે માણસ શ્રાવક ગણાય તેઓના [2]નિઃસ્વાર્થ વેણમાં[3] શ્રદ્ધા રાખે, અને યથાશક્તિ[4] તેમની આજ્ઞાને માથે ચડાવી વર્તે તો તે બધા શ્રાવક ગણાય.

શ્રી જિનેશ્વર ભગવાનની દેશનામાં[5] દેવતા, માણસ અને તિર્યંચ એટલે પશુ પક્ષી, વગેરે ઘણાક હોય, અને જે પ્રભુના વેણને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે[6] તે બધા શ્રાવક કહેવાય. આ ઉપરથી ચોખ્ખું સમજાશે કે કોઈપણ માણસ, પછી તે ગમે તે જાતનો હોય તોપણ જો જિનભગવાનનાં વચન સાંભળી તેમાં શ્રદ્ધા રાખે તો તે શ્રાવક ગણાય શ્રાવકને ઘર–બાર, છૈયા–છોકરાં; ધન–દોલત બધું હોય, તે છતા પ્રભુએ જે શ્રાવકના ધર્મ કહ્યા હોય તે પ્રમાણે વર્તવાનો ખપ કરે.[7]

પ્રશ્ન પાઠ ૧૬.

૧ શ્રાવક કોણ ગણાય ?
૨ શ્રાવક કોણ થઇ શકે ?
૩ શ્રાવકને સંસારમા શું શું હોય ?

---

૧ ધ્યાન આપી ૨ આપણા બધાનું ભલુ થાય અને પોતાને કઈપણ સ્વાર્થ ન હોય તેવુ ૩ વચન–બોધમા ૪ શક્તિ પ્રમાણે ૫ ઉપદેશ આપતી વખતે. ૬ સાભળે. ૭ ચીવટ રાખે

બોધ પાઠ ૧૭.

દેવ, ગુરૂ અને ધર્મ.

શ્રી વીર પ્રભુના વહાલા પુત્ર અને પુત્રીઓ, આપણા દેવ કોણ, આપણા ગુરૂ કોણ અને આપણો ધર્મ શું ? એ વિષે આપણે આજે કંઇક સમજીએ.

અઢાર દોષોને જીતવાથી જેમાં અનંત ગુણો પ્રગટી રહે છે, તેવા શ્રી જિન ભગવાન તે આપણા દેવ છે.

ઘર–બાર; બૈરી–છોકરાં, ધન–દોલત; સગાં–વહાલાં સર્વને છોડી આ સંસારમાં જે મહા પુરૂષો ઉપર કહેલા શ્રી જિન ભગવાનની આજ્ઞાને માથે ચડાવી, સાધુ મહારાજનો જે ધર્મ માર્ગ, તેમણે કહ્યો છે, તે પ્રમાણે વર્તી,[1] આપણા કલ્યાણને માટે શ્રી જિન વાણીનો[2] ઉપદેશ આપે તે સાધુ મહારાજ આપણા ગુરૂ છે.

શ્રી જિન ભગવાને બતાવેલો દયામય ધર્મ તે આપણો ધર્મ છે.

આમ શ્રી જિન ભગવાન્ એ દેવ, સાધુમહારાજ એ ગુરૂ, અને શ્રી જિન ભગવાને બતાવેલી સર્વ જીવપર દયા કરવી એવો ધર્મ, એ ત્રણેમાં જે શ્રદ્ધા અને પકકો વિશ્વાસ રાખવો તેનું નામ વ્યવહારમાં સમ્યકત્વ કહેવાય. સમ્યકત્વ એટલે સાચી શ્રદ્ધા.

પ્રશ્ન પાઠ ૧૭.

૧ આપણા દેવ કોણ?
૨ આપણા ગુરૂ કોણ?
૩ આપણો ધર્મ શો?
૪ વ્યવહારમા સમ્યકત્વ કોને કહે છે?

---

૧ ચારિત્ર પાલી. ૨ શ્રી જિન ભગવાનની વાણીનો

બોધ પાઠ ૧૮.

શ્રાવકની ફરજો.[1]

વહાલા બાળકો, આપણી શ્રાવક લોકની શી શી ફરજો એટલે જરૂર કરવાનાં કામો છે તે વિષે વાત કરીએ.

૧ આપણે નિત્ય ઉઠતાં અને સૂતાં, તેમજ કોઇ સારૂ કામ કરતાં "**नमो अरिहंताणं**" પદ બોલી પ્રભુને સંભારવા જોઇએ, અને દેવપૂજા પણ રોજ કરવી જોઇએ.

૨ કંઈક ને કંઇ નવું જ્ઞાન આપણે રોજ મેળવવું જોઇએ.
૩ આપણે નિત્ય ગુરૂની અને માબાપની સેવા કરવી જોઈએ.
૪ આપણે ઘેર આવેલા પરોણાઓની આગતાસ્વાગતા કરવી જોઇએ.
૫ ભૂખ્યાને અન્ન, તર્ષ્યાને પાણી, દુઃખીને દીલાસો આપવો અને આપણે સર્વ ઉપર દયાળુ રહેવું જોઇએ.

ટૂંકામાં **શ્રી જિન દેવની ભક્તિ**, **જિન ધર્મનુ જ્ઞાન**, **ગુરૂનો અને માબાપનો વિનય**, ઘેર આવેલા ઉપર ઉદારતા, અને સવ જીવપર **દયા**, એ ઉત્તમ ગુણો ધારણ કરવા જોઇએ.

પ્રશ્ન પાઠ ૧૮.

૧ શ્રાવકની શી શી ફરજો છે ?
૨ ટૂંકામાં શ્રાવકના પાંચ ઉત્તમ ગુણના નામ આપો.

---

૧ ધર્મો, કર્તવ્યો; Duties.

ખંડ ૩ જો.

બોધ પાઠ ૧૯.

નીતિ.

પ્રિય બાળકો, આજે આપણુને ઉપયોગી નીતિ કઇ તે વિષે આપણે કઈક વાત કરીએ જે ખરૂં–ખોટું, સારૂં–નરસું સમજી, ખરે કે સારે રસ્તે ચાલવું એ નીતિ છે. નીતિથી ચાલનાર માણુસ આ લોકમાં[1] અને પરલોકમાં[2] સુખી થાય છે નીતિ એજ ધર્મનો પાયો છે, એટલા માટે જે જે ધર્મમા નીતિ ઉત્તમ, તે તે ધર્મની રચના[3] પણુ ઉત્તમ હોય છે. કેટલાક નીતિના માર્ગ એવા છે કે આ લોકમાં આપણા વર્તનમાં આપણુને અડચણુ ન આવે, અને બીજા જન્મમા આપણુને ઉચ ગતિએ પહોંચાડેઃ—

નીતિના નિયમો.

૧ કોઇને દુઃખ દેવું નહિ.	૨ સાચું બોલવું.
૩ પ્રમાણિક રહેવું.	૪ બોલેલુ પાળવું.
૫ ઉદ્યોગી થવું.	૬ વિનયવાન થવું.
૭ પવિત્ર રહેવું.	૮ ન્યાયી થવું[4]
૯ સારા કામમાં હિંમતવાન થવું	૧૦ સંતોષી બનવું.
૧૧ વિવેકી થવું.[5]	૧૨ સુશીલ રહેવુ.[6]

પ્રશ્ન પાઠ ૧૯.

૧ નીતિ તે શું ?

૨ નીતિ પાળવામાં લાભ શો ?

૩ નીતિના નિયમો કહો ?

---

૧ આ જન્મમા. ૨ બીજા જન્મમા. ૩ બાધણી, બીલ્ડીગ. ૪ સાચો પક્ષ ગ્રહણ કરવો ૫ સાચુ ખોટુ તાપસવુ. ૬ સારા આચાર પાળવા.

બોધ પાઠ ૨૦.

નીતિ વર્તનથી[1] લાભ.

૧ કોઈને દુ ખ ન દેવાથી આપણને દુઃખ આવતું બંધ થાયછે

૨ સાચું બોલવાથી, આપણા વચન પ્રમાણે જગત્‌માં બનાવો બને છે.

૩ પ્રમાણિક રહેવાથી, આપણે મેળવેલુ સુખે ભોગવાય છે.

૪ બોલેલું પાળવાથી, લોકોનો આપણાપર વિશ્વાસ બંધાય છે.

૫ ઉદ્યોગી રહેવાથી, આપણને ધન, ધાન્ય, વસ્ત્ર, વગેરે સુખેથી મળી રહે છે

૬ મોટાનો વિનય રાખવાથી, લોકોમા આપણી કીર્તિ વધે છે, અને આપણી બીજા અદબ રાખતા શીખે છે.

૭ મન, વચન અને કાયાવડે કોઇને દુઃખ ન આપવાથી આપણને મનમાં શાતિ, વચનમાં પ્રિયતા,[2] અને કાયામાં સુખ આવી મળે છે.

૮ ન્યાયી થવાથી સારા લોકોનો સમાગમ વધે છે, અને નઠારા લોકો આપણાથી બીહુતા રહે છે અને ફરીથી ભૂંડું કરતાં પણ ડરે છે.

૯ સારા કામમાં હિમતવાન રહેવાથી આપણા બીજા સદ્‌-ગુણો પણ વધારે વધારે બહાર આવતા જાય છે.

૧૦ સંતોષી બનવાથી, ચિતા-અશાંતિ કે ઉત્થલપાથલ થતી નથી.

૧૧ વિવેકી થવાથી દિવાની પેઠે સાચું-ખોટું; સારૂં-નરસું, જલદીથી ઓળખાઇ જાય છે.

---

૧ વર્તન એટલે વર્તવુ, ચાલવું, પાળવું   ૨ મધુરતા, મીઠાશ

૧૨ સુશીલ રહેવાથી, આપણા સદ્‌ગુણનો આપણને તુરત લાભ મળે છે; અને બીજા લોકો આપણને જોઇ જલદી તેવા થવાનું શીખે છે.

પ્રશ્ન પાઠ ૨૦.

૧ નીતિના પ્રત્યેક નિયમોના લાભ ગણાવો ?

લાલન ગ્રથિત દૃષ્ટાંતમાળા.

સંસાર કેવો છે ?

પુષ્પ ૧૫.-મધુબિંદુ[1].

એક ઘણા અંધારા કુવામાં એક માણસ કુવાને મથાળે આવેલા વડના ઝાડના એક ડાળામાંથી અંદર લટકતી બે વડવાઈને પકડી રહેલો માલૂમ પડતો હતો. આ કુવામા પાણીની સપાટીપર ચાર મોટા અજગરો[2] કુંફાટા મારી મારી હરઘડી કુવાની હવાને ઝેરી કરી મૂકતા હતા જે બે વડવાઈઓને આ માણુસ પકડી લટકી રહ્યો હતો, તને એક કાળો અને બીજો ધોળો એવા આ બે ઊંદરો રાત્રદિવસ કરડી રહ્યા હતા જે ડાળામાંથી આ વડવાઈઓ લટકતી હતી તે ડાળાને એક હાથી પોતાની સુંઢમાં ઝાલી મરડી ભાંગી નાખતો હોય એમ દેખાતો હતો આજ વડવાઇઓની વચ્ચે એક મધપુડો હતો. તે ઉપરની મધમાખીઓ ઉડી ઉડી ડંખ મારી રહી હતી. કુવામાં આવેલા માણસને હવે જે કંઇ સુખ તેમ છતાં મળતું હતું તે એ હતું કે પેલા મધપુડામાંથી થોડે થોડે વખતે મધનું એક એક ટીપું ટપકી બરોબર તેના મુખમાં પડતું હતુ. આ મધનાં ટીપાં પીવાના રસમાં તે એવો તો ગુલતાન જણાતો હતો કે તેની આસપાસ આવેલાં આવાં ભયંકર દુઃખની તેને ખબર પણ હોય એવું જણાતું ન હતું.

આવામા કોઇ મુનિરાજ તે કુવા પાસે આવી ચડ્યા, કેટલેક અંતરે મળતા મધના માત્ર થોડાક ટીપામાં લલચાયલા આ માણુસને મહા દુઃખમાં જોઇ તે સાધુમુનિરાજને ઘણી દયા આવી. કારણકે સાધુઓ હંમેશા નિષ્કારણ બંધુઓ હોય છે[3]

હવે સાધુ મહારાજે આ માણસને ઉપદેશ આપવા માંડયો કે તું કુવામાં પડયો છે, વળી તે કુવો અંધારો છે, કુવામાં મોટા

---

૧ મધનુ ટીપુ ૨. સર્પો. ૩ નિષ્કારણ બધુ એટલે વગર મતલબે મિત્રની પેઠે કામ કરનાર. A disinterested friend.

ચાર સર્પોછે. તે કુવાની હવાને ઝેરી કરી મુકે છે એટલુંજ નહિ, પણ જો તું અહીંથી નીચે પડયો તો એ ચાર અજગરો તને ગળી જશે. વળી તું એમ સમજતો હોઇશ કે મેં આ વડવાઇ પકડી રાખી છે, માટે પડવાની ધાસ્તી નથી, તો તે પણ ખોટું સમજજે. કારણ કે જરા કાન દઇને સાંભળ: એજ વડવાઇઓને કાળો ધોળો એવા બે ઊંદરો રાત્રદિવસ કરડી કાપી રહ્યા છે, એટલુંજ નહિ પણ આ વડનુ ડાળું જેમાંથી લટકતી વડવાઇઓ તું પકડી રહ્યો છે, તે ડાળાને એક મદોન્મત્ત હાથી મરડી ભાંગી નાખે છે માટે તું આ ત્રણ રસીવાળા દોરડાને પકડી બહાર આવ અને માત્ર આ મધનાં થોડાંક ટીપામાં મોહ પામી આ ભયંકર દુઃખને ભૂલી ન જા. કારણ કે જો ડાળું તૂટયું કે વડવાઇ કપાઇ તો આ મહાદુઃખમાં તારા મધનાં ટીપા જેટલું સુખ છે તે કયાંએ જતું રહેશે. એટલુંજ નહિ પરંતુ તું આ કુવાના ઊંડા પાણીમાં પડી ડુબી મરીશ. અત્યારસૂધી મધુબિંદુના થોડાક સુખમાં લલચાયલો આ માણસ પોતાની હાલત બીલકુલ સમજતો નહિ હતો. તે જેમ જેમ દયાળુ મુનિરાજ કહેતા ગયા તેમ તેમ પોતાની આસપાસ જોવા લાગ્યો. તે છતાં આ એક ટીપું લઇ લઉં, વળી બીજું, વળી ત્રીજું, એમ એવું કેટલીક વાર થયા કર્યું પરંતુ આખરે તેની ખાતરી થઇ કે હું ઘણા દુખમાં પડયો છું, અને જો ગુરૂ મહારાજના નાખેલા આ ત્રણ રસીવાળા મજબૂત દોરડાને પકડી બહાર નહિ નીકળું તો આ કુવાના ઊંડા પાણીમાં પડી ખચ્ચિત ડુબી મરવાનો. આવો વિચાર કરી મધબિંદુના રસને પડતો મૂકી[1] ગુરૂ મહારાજે નાખેલા ત્રણ રસીએ વહોલા મજબૂત દોરડાને પકડી તે બહાર આવ્યો, અને બહાર આવી બહારના અજવાળાથી જોવા લાગ્યો તો તેની પૂર્ણ ખાત્રી થઇ. એટલે ગુરૂજીને ચરણ પડી પગે લાગી કહેવા લાગ્યો કે ખરેખર તમે મને જીવતદાન આપ્યુ, તમારો ઉપકાર વળી શકે એમ નથી.

---

૧ કારણ કે અત્યંત દુખનુ ભાન થતાજ માણસ વિષયના અલ્પ સુખને છોડી વૈરાગ્ય તરફ વળી એટલે તેવા સુખ ઉપર અભાવ લાવી, પૂર્ણ સુખની શોધ તરફ વળતા જણાય છે

ગુરૂ મહારાજે પૂછ્યું તારા પર બનેલા આ બનાવનો[1] મર્મ[2] તું સમજ્યો ? હાથ જોડી વિનયપૂર્વક હવે તેનો શિષ્ય થયેલો આ માણુસ બોલ્યો, સાહેબ! આપની કૃપાથી હું આમ સમજ્યો. આ કુવો જેમાં હું પડયો હતો અને જેમાંથી આપે મને ઉગાર્યો તે સંસારરૂપી કુવો હોય એમ જણાય છે. વળી તે કુવો અંધારો એટલા માટે છે કે મોહના અંધકારથી ભરેલો છે અને તેથી આપે દેખાડેલા દુ:ખમાં હું ફસાયેલો હોવા છતાં એ મોટા અંધારામાં મને ખબર પણ ન પડતી. કારણ કે વળી મધના ટીપાની લાલચ મને મોહે આપી હતી એટલે કે વિષયના જરા સરખા સુખમા મારૂં અત્યંત દુઃખ હું જાણતો ન હતો. ચાર સર્પો જે આ સસારરૂપી અંધારા કુવામાં આવી સંસારની હવાને ઝેરી કરી રહ્યા હતા, તે સાહેબ, કાળો ક્રોધ, રાતો માન, લીલો કપટ (માયા) અને પીળો લોભ એમ હતા. જે મધમાખીઓ મધપુડાપરથી ઉડી મને ડંખતી હતી તે આ સંસારના વિષય સુખને લીધે આવી પડેલી આધિ[3], વ્યાધિ અને ઉપાધિ હતી. વળી આપે કહ્યુ કે બે ઊંદરો વડવાઇને કરડી ખાય છે, તે વડવાઇ તે આયુષ્યની દોરી હોય એમ સમજાય છે, અને રાત્રદિવસરૂપી કાળો અને ધોળો ઊંદર રોજ રોજ તેને કરડી કાપી રહ્યા હતા. વળી આપે કહ્યું કે આ ડાળાને હાથી મરડી નાખે છે તે હાથી પણ જે મને સંસારરૂપી કુવાના અંધકારમાં દેખાતો ન હતો, તે મોત હતું. તેપણ આ માનવદેહરૂપી આવરદાને મરડી એક દહાડો કાપવાનો જ હતો. પરંતુ આપે વગર સ્વાર્થે મારા જેવા મધુબિંદુ જેટલા અલ્પ સુખમાં[4] ફસાયલાને મહાદુઃખમાથી ત્રણ રસીવાળા દોરડાથી છોડાવ્યો, તે દોરડું તે ધર્મ દોરડું છે. અને તે ત્રણ રસીએ વણેલાં એટલા માટે સમજાય છે કે ધર્મ એ જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે થયેલો છે. આ મનુષ્ય જેવી ઉચ ગતિમાંથી હું પડી

૧ આપણા પર જગતમા જેટલા જેટલા બનાવો બને છે તે બધા અધ્યાત્મિક પાઠો છે. એમ ધ્યાન દઇ વિચારણા કરનારને સહજમા જણાઇ રહે છે ૨ ઉંડો હેતુ ૩ મનનુ દુ ખ કે ચિતા. ૪ થોડા સુખમા

નરક નિગોદમાં[1] બુડી જતે, પરંતુ આપે ધર્મ રૂપી દોરડું મને આપી, નિગોદ, નારકી, તિર્યંચ[2], દેવતા અને મનુષ્ય રૂપી સંસાર કુવામાંથી બચાવી મોક્ષ ધામે ચડાવ્યો હોય એમ હવે હું તો ખાતરીથી સમજું છુ. પછી પણ જેવી ગુરૂની આજ્ઞા.

ગુરૂજીએ કહ્યું દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી ધર્મ એમા તું શું સમજ્યો?

શિષ્યે કહ્યું સાહેબ, આપ જેવાના વચનમાં શ્રદ્ધા[3] રાખવા લાગ્યો એટલે મને કઇક સમજાવા લાગ્યું કે હું સંસારરૂપ અંધારા કુવામાં દુઃખી છું, પછી જેમ જેમ આપના વચનમાં શ્રદ્ધા થઈ ગઇ તેમ તેમ વિશેષ વિશેષ[4] જાણુવા લાગ્યો. અને આપે વર્ણવેલુ યથાર્થ સમજાયુ, એટલે તે પ્રમાણે કરી દોરડુ પકડી વર્ત્તવા[5] લાગ્યો એટલે સંસાર કુવામાથી આપની કૃપાવડે બહાર આવ્યો.

ગુરૂ કહે છે હવે તને મોતની ઉપાધિથી, કે ક્રોધ વગેરે કષાયની પણ પીડા છે?

નહિ સાહેબ, સંસારમાંથી નીકળતા ક્રોધવડે કાળો થઇ ગયો હતો તે ક્ષમાવડે ધોળો દૂધ જેવો દેખાતો હોઉં એમ લાગે છે, માનવડે રાતો રાતો થઇ જતો હતો, તે નમ્રતાવડે ગુલાબી રંગ જેવો લાગતો હોઉં એમ જણાય છે, માયાવડે લીલો થઇ ગયો હતો, તે સરલતાવડે સ્ફટિક જેવો નિર્મળ દેખાઉ છું, અને લોભવડે પીળો પચક પડી ગયો હતો, તે સંતોષવડે તેજસ્વી જણાઉં છું.

આ સર્વ આપની કૃપાનું પરિણામ છે. હવે હું મોતરૂપી હાથીથી પણ બચી મારા આત્માના સાદિઅનંત એટલે આજે થતા અનુભવ જ્ઞાનવડે આજથી હંમેશાં પોતાને જીવતો કે અમર માનું છું. એ પણ આપનીજ કૃપા છે; અને સંસાર અંધારામાંથી ઉગારી, મોક્ષના હંમેશના આનંદમાં પણ આપેજ મને પહોંચાડયો છે

ગુરૂજીએ આટલુ સાંભળી ગદ્દ ગદ્દ કંઠે, હર્ષે આંસુ સહિત શિષ્યને હૃદય સાથે ચાંપી બીજે સ્થળે વિહાર કર્યો.

શિખનાર–શિખવનારનું કલ્યાણ હો.

---

૧ નરકથી પણ એક હલકી સ્થિતિ, ૧ પશુ–જંતુ વગેરે ૩ દર્શન ૪ જ્ઞાન. ૫ ચારિત્ર.

જૈનમાર્ગપ્રવેશિકા. નં. ૨ જો. સાર્થમુખપાઠ. કિંમત ૪ આના.

૧ સમય	જીવસંબંધી વિચાર, કર્મનું સામાન્ય સ્વરૂપ પરમેશ્વરની સ્તુતિ, ષડ્દ્રવ્યની હકીકત, પુણ્ય, પાપ, આશ્રવ, સંવરબંધ નિર્જરા અને મોક્ષનું સ્વરૂપ એમ એકંદર નવતત્ત્વના વર્ણનના પાઠો.
૨ આચાર	સમ્યક્ત્વનું સ્વરૂપ, જ્ઞાનદર્શનસંબંધી આચાર, જિનપૂજા, ગુરૂસેવા, શાસ્ત્રશ્રવણ, દાન, સાધર્મિવાત્સલ્ય, યાત્રા અને પ્રભાવનાસંબંધી પાઠો.
૩ નીતિ	નીતિવિવેચન, માર્ગાનુસારીના ગુણ, શ્રાવકધર્મની યોગ્યતાના ગુણ, નીતિના વિષયોનો સાર, દઢનિશ્ચય, નીતિનો કાયદો, નીતિ અને ધર્મવચ્ચે સરખામણી, તેમનો અરસપરસ સંબંધ, નીતિના વિભાગ અને વ્યસનત્યાગના પાઠો.

જૈનમાર્ગપ્રવેશિકા નં. ૩ જો. સાર્થમુખપાઠ. કિંમત ૬ આના.

૧ સમય	કર્મસંબંધી વિશેષ હકીકત. જીવ જ કર્તા છે, કર્મથીજ જગતની વિચિત્રતા છે, કર્મસંબંધે જૈનની ઉત્તમ શોધ)ધર્મના મૂખ્ય વિભાગ, જ્ઞાનદર્શનનું સ્વરૂપ, શ્રુતજ્ઞાનનું વિશેષ ધ્યાન, પિસ્તાલીશ આગમો; આઠ કર્મની પ્રકૃતિઓ, કર્મબંધના હેતુઓ; બંધ-ઉદય-ઉદીરણા અને સત્તાનું સ્વરૂપ, એ વિષયોના પાઠો.
૨ આચાર	શ્રાવકનાં બારવ્રત, દાન-શીળ-તપભાવના, સામાયિક, પ્રતિક્રમણ, દિનકૃત્ય, પર્વાનુષ્ઠાન, પર્વો, પર્યુષણા, ક્ષમાપન, ચાતુર્માસ, જૈનદીવાળી, તીર્થો, તીર્થયાત્રા, સપ્તક્ષેત્ર અમારીપટહ, પ્રભાવના, અને દીનોદ્ધારના પાઠો.
૩ નીતિ	સત્ય, ન્યાય, વિનય, સરલતા, ગાંભીર્ય, અને સંપ એ છ સદ્ગુણોની વિશેષ વ્યાખ્યા. બાળકો તરફ માબાપોની અને માબાપો તરફ બાળકોની ફરજ.
૪ પરિશિષ્ટ	ક્યા ગુણસ્થાને કેટલી પ્રકૃતિઓ છે તેનું સ્વરૂપ.

નં. ૪-૫-૬-૭ માં આવનારા વિષયોનો સંક્ષેપ નં ૪ માં આવશે.

જૈનમાર્ગ પ્રારંભ પોથી ભાગ ૧ લો અને ૨ જો સામાન્ય બોધ,

ફ. ક. લાલન.

લાલનકૃત પુસ્તકો.

		રૂ. આ.
સદવક્તા	આવૃત્તિ બીજી	૦—૧૨
શ્રમણોપાસક નારદ	(ત્રીજી આવૃત્તિ)	તૈયાર થાય
,,	(હિંદી)	તૈયાર છે.
દુષજયનો ઉપાય		નથી
આંતરવૈદ્ય.		૦—૧-
શુદ્ધોપયોગ. (દોષવાનપર કરૂણા).		નથી
સામાયિકધ્યાન.	(કાચી).	૦—૧૦—૦
,,	(પાકી).	૦—૧૨ -૦
સ્વાનુભવદર્પણ		નથી.
પરમજ્યોતિ પંચવિંશતી		૦—૮—૦
આત્માવબોધ કુલક.		૦- -૮- ૦
જૈનમાર્ગ આરંભપોથી ભા. ૧ લો.		૦- -૧ -૦
,, ભા ૨ જો.		૦- -૧—૬
જૈનમાર્ગ પ્રવેશિકા નં. ૧ લો.		૦—૨—૦
,, નં. ૨ જો.		તૈયાર થાય છે.
,, નં. ૩ જો.		,,
जैन मार्ग प्रारंभ पोथी (मराठी)		૦—૨—૦
धर्मनिति प्रारंभ पुस्तक (हिंदी)		૦—૨—૦
આત્માવાટિકા.		૦—૧૨—૦

પત્રવ્યવહાર. ફ. ક. લાલન. નં. ૧૪૩ ગુલાલવાડી, મુંબઈ

પુસ્તકો મળવાનાં સ્થાન. મેસર્સ મેઘજી હીરજી જૈન બુકસેલર્સ પાયધોની મુંબઈ.

* મુંબઇ નં. ૯૩ ચીંચપોકલી પરેલ રોડપર લેડીનોર્થકોટ હિંદુ ઓરફનેજ કે એન. સેકર પ્રેસમાં ધોંડીબા નારાયણ વનારસે છાપ્યું છે. અને પંડિત ફતેહચંદ કપુરચંદ લાલને ૧૪૩, ગુલાલવાડી મુંબઇ નં. ૩ માં પ્રસિદ્ધ કર્યું છે.